
# ધ્યાન ધરવાનો અને ધરાવવાનો ધંધો



**ભારતના અનેક ગુરુઓ અનેક પ્રકારના મેડિટેશનો અને સાધકો પશ્ચિમમાં જઈને વેચી આવ્યા છે. બદલામાં અબજો રૂપિયા પણ એ તથાકથિત ચમત્કારિક ધ્યાન લાંબો સમય માટે સફળ રહ્યા નથી. તેની નિર્થકતા અને નિષ્ફળતા શિષ્યોને સમજાય છે ત્યાં સુધીમાં નિવૃત્ત થવાની કે મરણાસન્ન થવાની ગુરૂજીની દશા આવી ગઈ હોય છે**

**સારાંશ**
★વિન્સી મરચન્ટ

એક સમયે, ખાસ કરીને પચાસ, સાઠ અને સિત્તેરના દશકમાં ભારતમાં અને દુનિયામાં મહર્ષિ મહેશ યોગીનું મોટું નામ હતું. એમના શિષ્યો દુનિયાભરમાં ફેલાયેલા હતાં જે હોલિવૂડના નામી કલાકારો તેમ જ જગવિખ્યાત મ્યુઝિક બેન્ડ્સ, જેવાં કે બીટલ્સ, ધ બીચબોય્ઝ વગેરેના ગાયકો અને સંગીતકારો મહેશ યોગીના શિષ્યો બન્યા હતા. તેઓ ભારતમાં મહેશ યોગીના આશ્રમમાં આવતા ત્યારે દેશભરનાં અખબારોમાં તે પ્રથમ પાનાના સમાચારો બનતાં હતા. મહેશ યોગી વિશેષ તો વિદેશોમાં રહ્યા અને ટ્રાન્સિડેન્ટલ મેડીટેશન અર્થાત ઉર્ધ્વગામી ધ્યાન-સાધનાનું એક નાટક કહો તો નાટક અને તૂત કહો તો તૂત એમણે ઊભું કર્યું હતું, જે દુનિયાભરમાં ખૂબ વેચાયું. કહો કે ધુમ મચાવી હતી. ભારતના અનેક ગુરુઓ અનેક પ્રકારના મેડિટેશનો અને સાધકો પશ્ચિમમાં જઈને વેચી આવ્યા છે. બદલામાં અબજો રૂપિયા પણ એ તથાકથિત ચમત્કારિક ધ્યાન લાંબો સમય માટે સફળ રહ્યા નથી. તેની નિર્થકતા અને નિષ્ફળતા શિષ્યોને સમજાય છે ત્યાં સુધીમાં નિવૃત્ત થવાની કે મરણાસન્ન થવાની ગુરૂજીની દશા આવી ગઈ હોય છે. છતાં એક ચીજ નોંધવા લાયક છે. લોકોને કોઈકને કોઈક પ્રકારના ધ્યાન પ્રત્યે ખૂબ આકર્ષણ હોય છે. કોઈ બાબા મંત્ર કે દિક્ષા આપે અને શિષ્યો આદુ ખાઈને તે સાધના પાછળ મંડી પડે છે.

મહેશ યોગીનું મૂળ નામ મહેશ પ્રસાદ વર્મા હતું. એમનો જન્મ હાલમાં છત્તીસગઢમાં પડતાં રાજીમ નામક ગામમાં જાન્યુઆરી, 1911માં થયો હતો અને ફેબ્રુઆરી 2008માં નેધરલેન્ડ્સ ખાતેના એમના કાયમી આશ્રમમાં એમનો દેહવિલય થયો. એક સમયે દુનિયાની નામી અને શ્રીમંત હસ્તીઓથી ઘેરાયેલા રહેતા હતા એ મહેશ યોગી જિંદગીના આખરી પડાવમાં લગભગ સાવ એકલા પડી ગયા હતા.

વર્ષ 1942માં અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી ફિઝિક્સની ડિગ્રી મેળવ્યા બાદ મહેશ યોગી, સ્વામી બ્રહ્માનંદ સરસ્વતિ જે જ્યોતિમંઠના શંકરાચાર્ય હતા અને ગુરુ દેવના નામથી ઓળખાતા હતા એમના શિષ્ય અને સહાયક બન્યા. 1955માં મહેશ યોગીએ ભારતમાં અને વિદેશોમાં એમના ટ્રાન્સિન્ડેન્ટલ ડીપ મેડિશનનો પ્રચાર અને પ્રસાર કરવા લાગ્યા. બાદ તે ધ્યાનનું ટૂંક નામ ટ્રાન્સિડેન્ટલ મેડિટેશન અથવા ટીએમ રખાયું. આ ટીએમ મહેશ યોગીનો ટ્રેડમાર્ક પણ બની ગયો. અલબત્ત, અનઓફિસઅલી 1958માં એમણે સર્વપ્રથમ વિશ્વ પ્રવાસનું આયોજન કર્યું. શિષ્યો એમને 'હીઝ હોલીનેસ' કહીને સંબોધતા.

અગાઉ એ ટીવી મુલાકાતો આપતી વખતે વારંવાર હસતા રહેતા હતા એટલે શિષ્યો એમને ગિગલિંગ ગુરુ' તરીકે પણ ઓળખાવતા. ગુરુમાં હોય તેના કરતાં અનેક ગણા ગુણો શિષ્યોને જે તે ગુરુમાં દેખાતા હોય છે અને આખરે આ ભોળો અહોભાવ જ અનર્થોને નોતરે છે.

મહર્ષિ મહેશ યોગીએ ચાલીસ હજાર ટીએમ શિક્ષકોને તાલીમ આપીને તૈયાર કર્યા હતા. તેઓને લગભગ પચાસ લાખ લોકોને એ ટેકનિક શિખડાવી હતી. મૂળ વાત એ છે કે ધ્યાન ધરવા માટે ટેકનિક શોધવી અને વાપરવી તે કંઈ અધ્યાત્મિકતા ન ગણાય. જે આપમેળે થાય તે જ સાચી સાધના. ખેર! મહર્ષિએ હજારો ધ્યાન કેન્દ્રો અને પ્રશિક્ષણ શિબિરો દુનિયાભરમાં ખોલ્યા. ગુરુઓનું કામ માત્ર એક ઈચ્છા વ્યક્ત કરવાનું હોય. બાકીની વિધિઓ શિષ્યો સંભાળી લેતા હોય છે. ગુરુ બનવાનો આ એક મોટો પ્રિવિલેજ છે. અનેક દેશોની શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓમાં ટીએમના વર્ગો અને શિબિરો યોજાતા થયા. કેનેડા, અમેરિકા, યુકે જેવા સુખી દેશોમાં એમના ધ્યાનનો ખૂબ ફેલાવો થયો. ત્યારબાદ એમણે પતંજલિવાળા બાબા રામદેવની માફક ફોર-પ્રોફિટ અર્થાત પૈસા પ્રાપ્તિના સ્પષ્ટ ઉદેશ્ય સાથે ધ્યાનનો ધંધો શરૂ કર્યો. અમુક સેવાકીય સંસ્થાઓ પણ ખોલી. એમનાં કુટુંબીજનો અને નિકટના સાથીદારો પણ તેમાં જોડાયા. એમણે વૈકલ્પિક ઔષધીઓ વેચવાનો ઉપક્રમ શરૂ કર્યો. જેમાં આરોગ્ય માટે વૈદિક પદ્ધતિઓને આધાર ગણવામાં આવ્યો. ઓર્ગેનિક ફાર્મ્સ પણ શરૂ કર્યાં. લાગે છે કે રામદેવે મહેશ યોગીનું બિઝનેસ મોડેલ અપનાવ્યું છે. હાલનો જમાનો એટલો ભોળો નથી અને તેથી રામદેવને કોઈ સ્વામી કે યોગી તરીકે હવે સ્વીકારતી નથી. અબજોમાં આળોટતા થયેલા એક બિઝનેસમેન તરીકે ઓળખે છે. પરંતુ મહેશ યોગી બિઝનેસ કરવા માંડ્યા તો પણ મોટો વર્ગ એમને યોગી તરીકે માનતો હતો. મહેશ યોગીએ અબજો ડૉલરની કિંમતની સંપત્તિ એકઠી કરી હતી. વર્ષ 2008માં એમના નિધન બાદ ત્રણ હજાર કરોડ રૂપિયાની સંપત્તિ પાછળ વધી હતી.





વિશ્વના પ્રસિદ્ધ મ્યુઝિક બેન્ડ્સ, અથવા ગ્રુપ્સ, જેવા કે બીટલ્સ તેમ જ ધ બીચ બોય્ઝના ગાયકો-સંગીતકારો મહેશ યોગીના શિષ્યો બન્યા ત્યારબાદ યોગીની વૈશ્વિક ખ્યાતિને ચાર ચાંદ અને પાંચ તારક લાગી ગયા. સિત્તેરના દશકના અંત ભાગમાં એમણે એક નવતર ટીએમ-સિધ્ધિ પ્રોગ્રામ વહેતો મૂક્યો. તેમાં બાબા શિષ્યોને ઊડતાં શિખવતાં હતા. એમણે એક નેચુરલ લૉ પાર્ટીની સ્થાપના પણ કરી. ઊડતા થવાને બહાને શિષ્યો જમીન પર બેઠા ઊંચા નીચા થતા હતા. કોઈ ઊડતું થતું ન હતું. ખૂદ મહેશ યોગી ચાર્ટર્ડ પ્લેનોમાં ઊડતાં હતાં. 1992માં એમણે પશ્ચિમના બારેક જેટલા દેશોમાં નેચુરલ લૉ (પ્રાકૃતિક નિયમ) પાર્ટીનો પ્રચાર કર્યો. એ જ વર્ષમાં એ નેધરલેન્ડસમાં વ્લોદ્રોપ શહેરની નજીક વૈભવી આશ્રમમાં રહેવા જતા રહ્યા. ત્યાં જઈને ગ્લોબલ કન્ટ્રી ફોર વર્લ્ડ પીસ અને વર્લ્ડ ગવર્નમેન્ટની સ્થાપનાની ઘોષણા કરી. તેના લીડરોને રાજા અને મહારાજાઓની પદવીઓ અને સંબોધનો એનાયત કર્યા. 2008માં એમનું મરણ થયું. હજી પણ એમનો અનુયાયી વર્ગ ક્યાંક ક્યાંક જોવા મળે છે.

ચાલીસના દશકમાં અને ત્યારબાદ ભારતીય તત્વચિંતનો મહિમા અને ત્યારબાદ આધાર લઈને અનેક કલ્ટ પેદા થયા હતા. વડોદરા નજીકના એક શહેરના વાણિયાએ અમેરિકામાં એક નામાંકિત આશ્રમ ખોલ્યો હતો અને લગભગ દરેક કલ્ટનું બને છે તે રીતે તે પણ સેક્સ અને સમાધિના કાંડમાં ફસાઈ ગયા હતા. આખરે બધી નહીં તો આમાંની ઘણી પ્રવૃત્તિઓ વિકૃતિના પરિણામે વિકસે છે અને એ વિચારોને ક્યાં સુધી ઘસારો અને લુણો લાગી ગયો છે. તેનું તાજુ પરિણામ અમેરિકામાં હમણા જોવા મળ્યું. સેક્સ, સમાધિ અને ધ્યાન વેચાય છે તો વેચો.

વીસેક વર્ષ અગાઉ કેલિફોર્નિયામાં 'વનટેસ્ટ' નામની કંપની એક સુંદર અને પ્રતિભાશાળી સ્ત્રી નિકોલ ડેઈડોને કરી. ગુરુઓની માફક લાંબો ખુલતો ગાઉન, છૂટા વાળ અને મોં પર સતત સ્મિત એ એની ઓળખ એની સાથે રોબર્ટ કેન્ડલ નામનો શખ્સ અને એક ભારતીય મૂળની મહિલા પણ આ નવા કલ્ટના સાથીદાર હતાં.. 2004માં તેઓએ સેન ફ્રાન્સિસ્કોમાં આશ્રમ ખોલ્યો. બાદમાં ન્યૂયોર્ક, લોસ એન્જેલસ, લંડનમાં આશ્રમોની શાખાઓ ખોલી. કંપની 'ઓર્ગેઝ્મિક મેડિટેશન' અર્થાત 'સ્ખલનથી સમાધિ' પમાવડવાનો ધંધો લઈને બેઠી હતી. મજા જૂઓ. આ નવતર સાધનાના બે પ્રથમાક્ષરો લો તો ઓએમ અથવા 'ઓમ' બને. કંઇ સમાધિ, તો કહે ઓમ સમાધિ.

આ યોગમુદ્રામાં મુખ્ય વિધિ સ્ત્રી શિષ્યોને પુરુષ શિષ્યો દ્વારા અને પુરુષોને સ્ત્રી શિષ્યો દ્વારા ગુપ્તાંગો અને શરીર પર મખમલી ગલિયા, સુંવાળો સ્પર્શ આપીને સ્ખલન સુધી લઈ જવાનો કાર્યક્રમ અથવા ઉપક્રમ રહેતો. 'વન ટેસ્ટ'નો પ્રથમ સ્વાદ ચાખવાની ફી પાંચસો અમેરિકન ડૉલર રાખી. શિબિરોની કેટેગરી પ્રમાણે તે ફી સોળ હજાર ડૉલર સુધી પહોંચતી હતી. વન ટેસ્ટના મુખ્ય મેનેજર ભારતીય મૂળના અંજુલી ઐય્યર હતાં.

અનેક શ્રીમંતોએ કંપનીમાં નાણા રોક્યા હતા. 2017માં કંપનીએ એક સો કરોડ રૂપિયાથી વધુ રકમની આવક કરી હતી. જ્યાં સ્ખલન અને સમાધિ હોય તો શિષ્યો બનવાની લાઈન ન લાગે તો જ નવાઈ! વન ટેસ્ટ દ્વારા તેનાં આશ્રમોમાં અને દૂરના રિસોર્ટસમાં 'સ્ખલન વડે સમાધિ'નાં સેશનો યોજવામાં આવતાં. કંપની દાવો કરતી કે પરંપરાગત બૌદ્ધ વિચારધારામાંથી આ સમાધિની પ્રેરણા લેવામાં આવી છે. જે સદંતર ખોટો હતો. આશ્રમોમાં નામ મેડિટેશનનું હતું પરંતુ કામ પૈસા ફેંકનારની વૃત્તિઓ અને વિકૃતિઓને પંપાળવાનું, ગલગલિયાં કરવાનું હતું. પૂર્વમાં સેક્સવર્કર રહી ચૂકેલી કેટલીક સ્ત્રીઓને અને પુરુષોને નોકરી પર રાખવામાં આવ્યા હતા. મેમ્બરો પણ સ્વેચ્છાથી પ્રવૃત્તિઓમાં જોડાતાં. નિકોલ કહેતી કે એને 'ગુરુ મા' બનવાની ઝંખના નથી પરંતુ એનાં ઠાઠ અને રીતભાત એક ગુરુ જેવા જ હતાં. દરેક આશ્રમમાં એનો એક ખાસ કક્ષ હતો. પાછળથી નિકોલ સાથે રાકેલ શેરવીઝ નામની સ્ત્રી ભાગીદાર બની. નિકોલના દાવા પ્રમાણે સ્ત્રીઓ પુરુષોની સમાગમ માટેની તૃપ્તિમાં એક મોટી ગેપ રહે છે, તેની ભરપાઈ કરવા એણે આ આશ્રમપ્રવૃત્તિ શરૂ કરી હતી. આશ્રમની વાસ્તવિક પ્રવૃત્તિઓ નિકોલના દાવાનો છેદ ઊડાડી દે છે.

અતૃપ્ત મેમ્બર સ્ત્રીઓને આકાશ સામે મોં રહે તેમ, બન્ને હાથપગ ખુલ્લાં રાખીને પતંગિયાના આકારમાં નગ્ન સુવડાવવામાં આવતી. એક પુરુષ હાથમાં ગ્લોવ્ઝ પહેરીને સ્ત્રીના ગુપ્ત ભાગને, અંદર અને બહાર સહેલાવે, પંપાળે, પસવારે. પંદર મિનિટની સેશન પુરુષ મેમ્બરો પર સ્ત્રી દ્વારા આવી વિધિ થતી. વાત અહીંથી અટકતી ન હતી. સ્ત્રીઓ અને પુરુષો, બન્નેની જાતીય વિકૃતિઓ પણ સંતોષવામાંઆવતી સામુહિક સેક્સ માટેની સેશનો યોજાતી. એક પગારદાર ટોળું તો હતું જ. સાથે સભ્યો અને શિષ્યે સ્વેચ્છાએ જોડાતાં હતાં.

લોકો તરેહ તરેહની સેક્સને લગતી વૃત્તિઓથી પીડાતાં હોય છે. અમુક એવા હોય છે જેમને કોઈ શારીરિક સંતાપ આપે, સિગારેટના ડામ કે ચાબુકનો માર આપે ત્યારે તેઓ તૃપ્તિ અને આનંદ અનુભવે. અમુક સ્ત્રીઓને નિતંબો પર હંટરનો માર પસંદ પડતો હોય છે.

તે ઝંખતી હોય, અમુક હન્ટરવાળી ડોમીનાટ્રીક્સ તરીકો પુરુષને ગળે સાંકળ બાંધી, શ્વાનની માફક સમુહની સમક્ષ ચાર પગે ચલાવે તેમાં એ ક્રૂરતો પરમ તૃપ્તિ અનુભવતો હોય છે. વન ટેસ્ટમાં આ પ્રકારના સામુહિક સ્ખલનની સેશનો યોજાતી હતી. એ બધા કારગુજારોને પકડીને ગયા સપ્ટેમ્બરમાં વીસ વીસ વરસની કેદની સજા ફરમાવાઈ છે. યોગ વિદ્યાનું આટઆટલું સ્ખલન કોઈએ ક્યારેય કલ્પ્યું હતું?